કેસ દાખલ તા.:૦૧/૦૩/૨૦૨૪.
કેસ રજુ તા.:૦૧/૦૩/૨૦૨૪.
કેસ ફેંસલ તા.:૧૦/૦૪/૨૦૨૬.
અવધિ :-<u>વર્ષ. માસ. દિવસ.</u>
૦૨ ૦૧ ૦૯

***<u>મે. પ્રિન્સીપાલ સિનિયર સિવિલ જજ સાહેબની કોર્ટમાં, મુ. તળાજા.</u>***

**<u>રે.દિ.મુ. નં.-૮૫/૨૦૨૪.</u>**

**આંક-૩૪**

પશ્ચિમ ગુજરાત વિજ કંપની લિ.,
તે ઈલેકટ્રીસીટી સપ્લાય માટે રચાયેલ કંપની,
વડી કચેરી રાજકોટ થ્રુ તેના નાયબ ઈજનેર,
ત્રાપજ પેટા વિભાગની ઓફિસ, તળાજા.

*.....વાદી.*

**વિરૂધ્ધ**

દલપતભાઈ નાનજીભાઈ પરમાર.
રહે. ટાણા-વરલ રોડ, હરિજનવાસ, નવુ ગામ,
દીહોર, તા.તળાજા.

*.....પ્રતિવાદી.*

***<u>દાવો :-રૂ.૨૦,૨૬૬-૯૨ પૈસા વસૂલ મેળવવા માટેનો.....</u>***

---

*વાદી તરફે :-વિ.વ.શ્રી કે.વી.વૈદ્ય.*
*પ્રતિવાદી તરફે :-વિ.વ.શ્રી એ.પી.ચૌહાણ.*

---

**<u>-: ઠરાવ :-</u>**

(૧) વાદીના દાવાની ટુંકમાં હકીકત એવી છે કે,

વાદી, પશ્ચિમ ગુજરાત વિજ કંપની લિ.ના કાયદા તળે નોંધાયેલ કંપની છે. ગુજરાત ઈલેકટ્રીસીટી બોર્ડનું રી-કન્સ્ટ્રકશન થતા, ગુજરાત ઉર્જા વિકાસ લિ. તથા વાદી કંપની અસ્તિત્વમાં આવેલી. વાદી કંપની ગુજરાતમાં વિજ-ઉત્પાદન તથા વિજ-વિતરણનું કામ કરે છે. વધુમાં, ગુજરાત રાજયમાં વહીવટી કાર્યની સુગમતા માટે વાદી કંપનીની સર્કલ

ઓફિસ, ડિવીઝન ઓફિસ તથા સબ–ડિવીઝન ઓફિસર વિ. આવેલી છે. વાદી કંપની પાસેથી વિજ–કનેકશન મેળવવા માંગતા ગ્રાહકોએ નિયત નમૂનામાં અરજી કરવાની હોય છે, જેના આધારે વાદી કપંની ધ્વારા સ્થળ ઉપર તપાસણી કરી, નિયમ મુજબના ચાજની રકમ વસૂલ લઇ, જે–તે ગ્રાહકને માંગ્યા મુજબનું વિજ–કનેકશન આપવામાં આવે છે.

(૨) આ કામના પ્રતિવાદીએ વાદી કંપની પાસે વિજ–કનેકશન મેળવવા કયારેય કોઇ અરજી કરેલ નથી એટલે કે પ્રતિવાદી, વાદી કંપનીના નોન–કન્ઝયુમર છે. વાદી કંપનીના અધિકારીઓ ધ્વારા તા.૨૬/૪/૨૦૨૨ના રોજ ભાવનગર જિલ્લાના તળાજા તાલુકાના દીહોર ગામે આવેલ પ્રતિવાદીના રહેણાંકના સ્થળે ચેકીંગ કરતા, પ્રતિવાદી નોન–કન્ઝયુમર હોવા છતાં, પાવર–ચોરી કરતા હોવાનું માલૂમ પડેલ છે. તેમણે(પ્રતિવાદીએ) પોતાના મકાનની બાજુમાંથી પસાર થતી હળવા દબાણની લાઇનના વાયર ઉપર કેબલ વાયરથી લંગરીયુ નાંખી, તેનો બીજો છેડો પોતાના મકાનમાં આવેલ ૯૭૫ કે.વી.ના વિજ–ઉપકરણો સાથે જોડી, ગેરકાયદેસર વિજ–વપરાશ કરતા ઝડપાઇ જતા, વાદી કંપનીએ નિયમાનુસાર પ્રતિવાદીને રૂ.૧૫,૮૫૯–૩૩ પૈસાનું પાવર–ચોરીનું બિલ આપેલ ; પરંતુ પ્રતિવાદીએ સદર બિલની રકમ ના ભરતા, તા.૮/૧૧/૨૦૨૩ના રોજ વાદી કંપની ધ્વારા પ્રતિવાદીને લિગલ–નોટીસ આપવા છતાં, વાદી કંપનીની લેણી રકમ ભરપાઇ ના કરતા, વાદી કંપનીએ પ્રતિવાદી પાસેથી વિજ–ચોરીના બિલની બાકી રકમ રૂ.૧૫,૮૫૯–૩૩ પૈસા તથા તેના ઉપર વિલંબિત ચૂકવણી ચાર્જના રૂ.૪,૪૦૭–૫૯ પૈસા મળી, કુલ રૂ.૨૦,૨૬૬–૯૨ પૈસા ઉપર ૧૫%ના વ્યાજ તથા ખર્ચસહિત વસૂલ મેળવવા સદર દાવો કર્યો છે.

(૩) પ્રતિવાદીને દાવાનો સમન્સ બજી જતા, તેઓએ તેમના વિ.વ.શ્રી મારફત હાજર થઇ, આંક–૯થી વાદીના દાવાનો જવાબ રજુ કર્યો છે, જેમાં તેમણે વાદીના દાવાની તમામ હકીકતોનો ઇન્કાર કરી જણાવેલ છે કે, વાદીનો દાવો ખરો અને કાયદેસરનો ના હોય, વાદી જે સ્વરૂપમાં દાવો

લાવેલ છે તે ચાલી શકે તેમ ન હોય, વાદીનો દાવો પ્રિ–મેચ્યોર હોય, વાદીના દાવામાં માત્ર કપોળ–કલ્પિત હકીકતો દર્શાવેલ હોય અને સત્ય હકીકતો દર્શાવેલ ન હોય, વાદી–પ્રતિવાદી વચ્ચે લાયસન્સીનો સંબંધ હોવા અંગે તેઓ કાંઇ જાણતા ન હોય, વાદી કંપની તેમની પાસે કોઇ પણ પ્રકારની લેણી રકમ માંગતા ન હોય, ચેકીંગવાળી જગ્યાએ તેમનું કોઇ ઘર આવેલ ન હોય, વાદીએ રજુ કરેલ દસ્તાવેજોના આધારે ચેકીંગ સમયે તેઓ હાજર ન હોવાનું સાબિત થતુ હોય, વાદીએ તેઓને નોટીસ મોકલેલ હોય અને તેવી નોટીસ તેઓને મળ્યા બદલનો કોઇ આધાર વાદીએ દાવાના કામે રજુ કરેલ ન હોય, તેઓએ કોઇ વિજ–ચોરી કરેલ ન હોવાથી કોઇ પણ પુરવણી બિલની રકમ કે અન્ય કોઇ પણ પ્રકારના વ્યાજની રકમ ભરપાઇ કરવા તેઓ જવાબદાર થતા ના હોય, વાદીએ હાલનો દાવો ગલત હકીકતો જોડીને દાખલ કરેલ હોય, વાદી કંપનીના અધિકૃત અધિકારીઓ દર્શાવેલ સ્થળે આવેલ નથી અને બારોબાર તેમનું નામ લખી નાંખેલ હોય, વાદીએ ખોટી રીતે વિજ–ચોરીની મોટી રકમનું ગેરકાયદેસર બિલ તૈયાર કરેલ હોઇ, વાદીનો દાવો ખર્ચ સાથે રદ્દ કરી, તેઓને ખર્ચની રકમ અપાવવા વિનંતી કરી છે.

(૪) તા.૨૯/૧૧/૨૦૨૪ના રોજ અત્રેની અદાલત ધ્વારા આંક–૧૦થી નીચે મુજબના મુદ્દા ઘડવામાં આવેલા છે :–

**<u>–: મુદ્દા :–</u>**

*(૧) શું વાદી પુરવાર કરે છે કે, પ્રતિવાદીએ વિજ–ચોરી કરેલ, તે પેટે કુલ રૂ.૨૦,૨૬૬–૯૨ પૈસા વસૂલ મેળવવાના બાકી નીકળે છે ?*

*(૨) શું પ્રતિવાદી પુરવાર કરે છે કે, વાદીનો દાવો ખોટો અને ગેરકાયદેસરનો છે?*

*(૩) શું વાદી માંગ્યા મુજબની દાદ મેળવવા હકકદાર છે ?*

*(૪) શું હુકમ અને હુકમનામુ ?*

(૫) ઉપરોકત મુદ્દા અંગેના નિર્ણયો કારણોસહિત નીચે મુજબ છે.

*(૧) નકારાત્મક.*
*(૨) હકારાત્મક.*
*(૩) નકારાત્મક.*
*(૪) આખરી હુકમ મુજબ.*

(૬) વાદી તરફે નીચે મુજબના પુરાવા રજુ થયા છે :–

| ક્રમ. | –: મૌખિક પુરાવો :– | આંક. |
|---|---|---|
| ૦૧. | અનિમેષભાઇ દીનુભાઇ પટેલ, નાયબ ઇજનેર, ત્રાપજ સબ–ડિવીઝન, તા.તળાજાની સરતપાસનું સોગંદનામુ. | ૧૧. |

| ક્રમ. | –: દસ્તાવેજી પુરાવો :– | આંક. |
|---|---|---|
| ૦૧. | પ્રફોર્મા નં.–૧૨. | ૨૦. |
| ૦૨. | સેલ્ફ–એકસ્પ્લેનરી નોટ. | ૨૧. |
| ૦૩. | તપાસણી અહેવાલ(ચેકીંગ શીટ). | ૨૨. |
| ૦૪. | પંચ–રોજકામ. | ૨૩. |
| ૦૫. | એનેક્ષર–૪ તથા ફોટો–૧. | ૨૪. |
| ૦૬. | એનેક્ષર–સી. | ૨૫. |
| ૦૭. | પુરવણી બિલ ફોરવર્ડિન્ગ સાથે તેમજ બિલ સ્વીકારતા, પરત આવેલ એકનોલેજમેન્ટ. | ૨૬. |
| ૦૮. | પોલીસ ફરીયાદ તથા એફ.આઇ.આર. | ૨૭. |
| ૦૯. | ગણતરી શીટ. | ૨૮. |
| ૧૦. | નોટીસ. | ૨૯. |
| ૧૧. | નોટીસ સ્વીકારતા, પરત આવેલ એકનોલેજમેન્ટ. | |
| ૧૨. | વાદી તરફે કલોઝીંગ પુરસીસ. | ૩૧. |

(૭) પ્રતિવાદી તરફે નીચે મુજબના પુરાવા રજુ થયા છે :–

| ક્રમ. | –: મૌખિક પુરાવો :– | આંક. |
|---|---|---|
| ૦૧. | પ્રતિવાદી, દલપતભાઇ નાનજીભાઇ પરમારની સરતપાસનું સોગંદનામુ. | ૧૭. |

પ્રતિવાદી તરફે કોઇ દસ્તાવેજી પુરાવો રજુ થયેલ નથી.

આંક–૩૩થી પ્રતિવાદી પુરાવો પુર્ણ થયાની પુરસીસ રજુ છે.

**-: કારણો :-**

વાદીના વિ.વ.શ્રીની દલીલો સાંભળી.

વાદીના વિ.વ.શ્રીએ દલીલ કરતા જણાવેલ છે કે, આંક-૧૧થી દાવો કરનાર તેમજ આંક-૧૭થી પ્રતિવાદીને સોગંદ ઉપર તપાસેલા છે. સદર કામે પ્રતિવાદીને વિજ-ચોરીનું પુરવણી બિલ આપવામાં આવેલ છે અને વિજ-ચેકીંગમાં પોલીસ પણ આવેલ હતી તેમજ પ્રતિવાદીને આપેલ વિજ-ચોરીની નોટીસ પણ પ્રતિવાદીએ સ્વીકારેલ છે. આમ વાદી, હાલનો દાવો પુરવાર કરવામાં સફળ રહેલ હોઇ, વાદીનો દાવો વ્યાજસહિત મંજુર કરવ માંગણી કરેલ છે.

જયારે, પ્રતિવાદી તરફે તેમના વિ.વ.શ્રીએ પોતાની દલીલમાં એવી તકરાર ઉઠાવેલ છે કે, આંક-૯થી વાદીના દાવાનો જવાબ રજુ થયેલ છે. વાદી તરફે ચેકીંગની વિગતો પુરવાર થઇ શકતી નથી તેમજ આ દાવાના કામે ચેકીંગ કરનારનો પુરાવો રજુ કરવામાં આવેલ નથી. વધુમાં, વાદીની કરેલ ઉલટતપાસ જોતા, વાદીનો દાવો પુરવાર થઇ શકે તેમ ના હોવાથી હાલનો દાવો રદ્દ કરવા વિનંતી કરેલ છે.

(૮) નામ. સર્વોચ્ચ અદાલત તેના ***R.V.E. Venkatachala Gounder Vs AV & VP Temple reported in AIR 2003 SC 4548 at page no 4558*** ના ચુકાદામાં સંક્ષેપમાં જણાવે છે કે,''*the standard of prove required in civil matters and in criminal matters are not the same. In civil matters the parties are not required to prove the facts beyond reasonable doubt and it is sufficient if they prove the facts by pre-ponderance of probabilities.*''

(૯) ***મુદ્દા નંબર-૧ :-***

સદર મુદ્દાને પુરવાર કરવાની જવાબદારી વાદીની છે. સદર કામે વાદી તરફે આંક-૧૧થી અનિમેષભાઇ દીનુભાઇ પટેલ, નાયબ ઇજનેર,

ત્રાપજ સબ–ડિવીઝન, તા.તળાજાની સરતપાસનું સોગંદનામુ રજુ થયેલ છે, જેમાં વાદીના સાહેદે દાવાની વિગતોને સમર્થન આપેલ છે.

વાદીના સાહેદની પ્રતિવાદી તરફે કરવામાં આવેલ ઉલટતપાસ જોતા, તેઓ સ્પષ્ટ સ્વીકારે છે કે, **ચેકીંગ વિશે તેઓને અંગત માહિતી નથી કે, દાવાવાળી મિલ્કત પ્રતિવાદીની માલિકીની હોય તેવો કોઈ આધાર તેમણે આ કામે રજુ કરેલ નથી તેમજ પ્રતિવાદી કયા વિજ–ઉપકરણો ઉપયોગમાં લે છે, તેની વિગત દાવા અરજીમાં જણાવેલ નથી.**

(૧૦) સદર કામે પ્રતિવાદી, દલપતભાઇ નાનજીભાઇ પરમાર ની સરતપાસનું સોગંદનામુ આંક–૧૭થી રજુ થયેલ છે. જેમાં પ્રતિવાદી તેમના દાવા–જવાબની હકીકતોને વળગી રહે છે. વધુમાં, વાદી તરફે કરવામાં આવેલ પ્રતિવાદીની ઉલટતપાસ જોવામાં આવે તો તેઓ સ્પષ્ટ સ્વીકારે છે કે, **તેઓને પી.જી.વી.સી.એલ.ના કર્મચારીઓ સાથે કયારેય માથાકૂટ કે, બોલાચાલી થયેલ હોય તેવુ બનેલ નથી.**

(૧૦.૧) પ્રતિવાદી એવી હકીકતોનો સ્પષ્ટ ઈન્કાર કરે છે કે, **તા.૨૬/૪/૨૦૨૨ના રોજ વાદી કંપનીના અધિકારીઓ તેમને ત્યાં ચેકીંગ કરવા આવેલા અને ચેકીંગ સમયે તેઓ સ્થળ ઉપર હાજર હતા તેમજ ચેકીંગ સમયે ચેકીંગ અધિકારી દ્વારા ચેકીંગ શીટ, પંચ–રોજકામ, એનેક્ષર–૪ તૈયાર કરેલા, જેમાં તેમણે સહી કરવાની ના પાડેલી.** પ્રતિવાદીની સદર કેફીયત સંદર્ભે વાદી દ્વારા રજુ આંક–૨૨નો ચેકીંગ શીટ(તપાસણી અહેવાલ) તથા આંક–૨૩થી રજુ પંચ–રોજકામ તેમજ આંક–૨૪થી રજુ એનેક્ષર–૪ જોતા, તેમાં હાજર રહેલ ગ્રાહક/ગ્રાહકના પ્રતિનિધિની સહીની જગ્યાએ બિન–ગ્રાહકે સહી કરેલ નથી

તેવુ સ્પષ્ટ છે. જે બાબતો વાદીના દાવાને શંકાસ્પદ બનાવે છે.

**(૧૨)** આ કામે વાદી પોતે, પ્રતિવાદીએ ગેરકાયદેસર રીતે વપરાશ કરેલ વિજ–બિલના નાણા ચૂકવવા માટે જવાબદાર હોવાનો સ્પેસિફિક કેસ લઈને આવેલ છે ત્યારે, સદર હકીકત પુરવાર કરવાની જવાબદારી વાદીના શિરે છે. તેવા સંજોગોમાં, વાદીએ રજુ કરેલ મૌખિક તથા દસ્તાવેજી પુરાવા તથા પ્લીડીંગ ધ્યાને લેતા, નીચે મુજબના તારણો ઉપસ્થિત થાય છે.

(એ) જ્યાં સુધી વાદી તરફે રકમ વસૂલ મેળવવા પ્લીડીંગ કરેલ છે તથા તે બાબતે પ્રતિવાદીને નોટીસ તેમજ પુરવણી બિલ આપેલ હોવાની હકીકતનું પ્લીડીંગ કરેલ છે, જે તમામ પ્લીડીંગને આ કામના પ્રતિવાદીએ ચેલેન્જ કરેલ છે.

(બી) વાદીએ રજુ કરેલ તમામ મૌખિક તથા દસ્તાવેજી પુરાવા પ્રતિવાદી દ્વારા ચેલેન્જ કરીને તેનો ખંડનાત્મક લેખિત જવાબ રજુ કરેલ છે. વધુમાં, પ્રતિવાદી વિરૂદ્ધ આ કામના વાદી કંપનીના સદર કર્મચારીને ખોટુ બોલવાને કોઈ કારણ હોય તેવી કોઈ હકીકત આ કામે રેકર્ડ ઉપર આવેલ નથી. વળી, વાદી તરફે તપાસેલ સાહેદ પોતાના અંગત હિત માટે કોઈ કાર્યવાહી કરતા હોય તેવી હાલના કેસની હકીકત નથી. આથી જ્યારે, સદર સાહેદ પોતાના અંગત હિત માટેના કોઈ ક્લેઈમના સમર્થનમાં જુબાની આપતા હોય તેવી હાલના કેસની હકીકત ના હોય ત્યારે, તેઓને પ્રતિવાદી વિરૂદ્ધ ખોટુ બોલવાને કોઈ કારણ રહેતુ નથી ; પરંતુ વાદીના સાહેદે ખુદ ઉલટતપાસમાં સ્પષ્ટપણે સ્વીકારેલ છે કે, ચેકીંગ વિશે તેઓને અંગત માહિતી નથી કે, દાવાવાળી મિલ્કત પ્રતિવાદીની માલિકીની હોય તેવો કોઈ આધાર તેમણે આ કામે રજુ કરેલ નથી તેમજ પ્રતિવાદી કયા વિજ–ઉપકરણો ઉપયોગમાં લે છે, તેની વિગત દાવા અરજીમાં જણાવેલ નથી.

(સી) દિવાની કેસમાં જે પક્ષકાર ઉપર સાબિતીનો બોજો હોય, તે પક્ષકારે પોતાના પરનો સાબિતીનો બોજો તે હકીકત વ્યાજબી શંકાથી પર રહીને સાબિત કરી, પુરવાર કરવો આવશ્યક નથી અને ફક્તને ફક્ત પ્રિ–પોન્ડરન્સ ઓફ પ્રોબેબિલિટીથી તે હકીકત સાબિત કરે તો, તે સાબિતીનો બોજો તે પક્ષકારે ડિસ્ચાર્જ કરેલો ગણાય અને તે હકીકત સાબિત કરેલી ગણાય. દિવાની કેસમાં બન્ને પક્ષકારોએ રજુ કરેલ કોઈપણ હકીકત

બાબતેનો પુરાવો કમ્પેર કરવાનો હોય છે અને જે પક્ષકારનો પુરાવો સામા પક્ષકારના પુરાવા કરતા વધ મજબૂત હોય, તે પક્ષકારે તે હકીકત સાબિત કરેલ હોવાનું ઠરાવવામાં આવે છે. જેથી, આ કામે વાદી દ્વારા રજુ કરેલ કોઈપણ મૌખિક કે, દસ્તાવેજી પુરાવાથી એ હકીકત સાબિત થઈ શકતી નથી કે, ચેકીંગ વાળી જગ્યાના માલિક પ્રતિવાદી છે કેમ કે, ચેકીંગ કરનાર દ્વારા ચેકીંગવાળી જગ્યાની માલિકીનો આધાર–પુરાવો રજુ રાખેલ નથી.

**(૧૨.૧)** પ્રતિવાદીનો આંક–૯થી રજુ જવાબ જોતા, સ્પષ્ટપણે ફલિત થાય છે કે, તેમની હાજરીમાં વાદી કંપનીના અધિકારીઓ દ્વારા વિજ–ચેકીંગ કરવામાં આવેલ હોવાનો તેમજ વાદી કંપની દ્વારા પ્રતિવાદીને આપવામાં આવેલ પુરવણી બિલની કે, અન્ય કોઈ પણ પ્રકારના વ્યાજની રકમ ભરપાઈ કરવા તેઓ જવાબદાર થતા હોવાનો પણ પ્રતિવાદીએ સ્પષ્ટ ઈન્કાર કરેલ છે. વળી, વાદી કંપની દ્વારા બનાવેલ તપાસણી અહેવાલમાં તેમની સહી નથી તેવી પ્રતિવાદીએ તકરાર ઉઠાવેલ છે જે પરત્વે, વાદી તરફે રજુ દસ્તાવેજો જોતા, તેવી હકીકત પુરવાર થાય છે. તેમજ વાદી કંપની દ્વારા આપવામાં આવેલ આંક–૨૬થી પુરવણી બિલ સ્વીકારતા પરત આવેલ એકનોલેજમેન્ટ તેમજ આંક–૨૯થી રજુ નોટીસની એકનોલેજમેન્ટ(આંક–૩૦) જોતા, તેમાં પ્રતિવાદીની કોઈ સહી જણાઈ આવતી નથી. આમ, સદર તમામ મૌખિક તથા દસ્તાવેજી પુરાવો ધ્યાને લેતા સ્પષ્ટપણે ફલિત થાય છે કે, સદર પુરાવાનું પ્રતિવાદી દ્વારા ખંડન કરવામાં આવેલ છે. સદર તમામ પુરાવાને ધ્યાને લેતા, અત્રેની અદાલતનું સ્પષ્ટ માનવુ છે કે, પ્રતિવાદીએ વિજ–ચોરી કરેલ, તે પેટે કુલ રૂ.૨૦,૨૬૬–૯૨ પૈસા વસૂલ મેળવવાના બાકી નીકળતા નથી અને તેથી મુદ્દા નંબર–૧ પુરવાર કરવામાં વાદી નિષ્ફળ નિવડેલ હોઈ, તેનો જવાબ નકારાત્મક આપવામાં આવે છે.

(૧૩) ***મુદ્દા નંબર–૨ :–***

સદર મુદ્દા સંદર્ભે પ્રતિવાદીનો જવાબ(આંક–૯) જોતા, ચેકીંગવાળી જગ્યાએ તેમનું કોઇ ઘર આવેલ ન હોય, વાદીએ રજુ કરેલ દસ્તાવેજોના આધારે ચેકીંગ સમયે તેઓ હાજર ન હોવાનું સાબિત થતુ હોય, વાદીએ તેઓને નોટીસ મોકલેલ હોય અને તેવી નોટીસ તેઓને મળ્યા બદલનો કોઈ આધાર વાદીએ દાવાના કામે રજુ કરેલ ન હોય, તેઓએ કોઇ વિજ–ચોરી કરેલ ન હોવાથી કોઇ પણ પુરવણી બિલની રકમ કે અન્ય કોઇ પણ પ્રકારના વ્યાજની રકમ ભરપાઇ કરવા તેઓ જવાબદાર થતા ના હોય, વાદી કંપનીના અધિકૃત અધિકારીઓ દર્શાવેલ સ્થળે આવેલ નથી અને બારોબાર તેમનું નામ લખી નાંખેલ હોય, વાદીએ ખોટી રીતે વિજ–ચોરીની મોટી રકમનું ગેરકાયદેસર બિલ તૈયાર કરેલાની તકરાર ઉઠાવેલ છે. જે સંદર્ભે, દાવો દાખલ કરનાર વાદીના સાહેદની ઉલટતપાસમાં ચેકીંગ વિશે તેઓને અંગત માહિતી નથી કે, દાવાવાળી મિલ્કત પ્રતિવાદીની માલિકીની હોય તેવો કોઈ આધાર તેમણે આ કામે રજુ કરેલ નથી તેમજ પ્રતિવાદી કયા વિજ–ઉપકરણો ઉપયોગમાં લે છે, તેની વિગત દાવા અરજીમાં જણાવેલ નથી તેવી સ્પષ્ટ હકીકતો સ્વીકારેલ છે. આમ સદર તમામ હકીકતો પરથી, વાદીનો દાવો ખોટો અને ગેરકાયદેસરનો હોવાનું પ્રતિવાદી પુરવાર કરી શકેલ હોઈ, મુદ્દા નંબર–૨નો જવાબ હકારાત્મક ઠરાવવામાં આવે છે.

(૧૪) ***મુદ્દા નંબર–૩ :–***

ઉપરોક્ત મુદ્દા નંબર–૧ તથા ૨માં કરેલ વિસ્તૃત ચર્ચા મુજબ પ્રતિવાદીએ વિજ–ચોરી કરેલ, તે પેટે કુલ રૂ.૨૦,૨૬૬–૯૨ પૈસા વસૂલ મેળવવાના બાકી નીકળતા હોવાનું પુરવાર કરવામાં વાદી નિષ્ફળ નિવડેલ હોય વાદી, માંગ્યા મુજબની દાદ મેળવવા હક્કદાર બનતા નથી. સબબ મુદ્દા નંબર–૩નો જવાબ નકારાત્મક ઠરાવવામાં આવે છે.

**(૧૫)** રેકર્ડ પરનો ઉપલબ્ધ પુરાવો, પક્ષકારોના વિ.વ.શ્રીની મૌખિક દલીલો તેમજ મુદ્દા નંબર–૧ થી ૩ના નિર્ણયોને આધીન મુદ્દા નંબર–૪ પરત્વે, અત્રેની અદાલત દ્વારા નીચે મુજબનો આખરી હુકમ ફરમાવવામાં આવે છે.

**<u>–: હુ ક મ :–</u>**

- વાદીનો દાવો આથી, **''નામંજુર''** યાને કે **રદ્દ** કરવામાં આવે છે.
- પક્ષકારોને થયેલ ખર્ચ તેમણે જાતે ભોગવવો.
- હુકમ મુજબ હુકમનામુ દોરવુ.

હુકમ આજ તારીખ–૧૦, માહે–એપ્રિલ, સને–૨૦૨૬ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી–સંભળાવી, જાહેર કર્યો.

સ્થળ : તળાજા.

**(ચૈતન્ય નવનિતલાલ મારફતિયા)**
પ્રિન્સીપાલ સિનિયર સિવિલ જજ–તળાજા.
Code No - GJ 00888

એચ.બી.જોષી.